સન્નારી



# નાગરિક તરીકે દેશભક્તિ કઇ રીતે નિભાવી શકાય?



જુલાઈ મહિનામાં સુરતના લોકોએ બે વાર ફ્લ્ડ જેવી સ્થિતિનો અનુભવ કર્યો. જ્યાં પાણી ભરાયાં ત્યાં પાણી ઓસરવામાં ટાઈમ લાગ્યો, લોકોને હાલાકી વેઠવી પડી ત્યારે ક્યાંક ને ક્યાંક લોકોએ SMCની કામગીરીનો ઉધડો લીધો. દર વર્ષે વરસાદી પાણી ભરાય છે છતાં કોર્પોરેશનના સતાધીશો અને અધિકારીઓ આ સમસ્યાનો કાયમી ઉકેલ લાવવામાં વામણા પુરવાર થાય છે. પહેલા વરસાદમાં જ શહેરના રોડ ધોવાઈ જાય છે, રોડ પર ખાડા પડી જાય છે. મિલીભગતમાં સ્વાર્થ સાધતાં હોવાથી લોકોને પ્રોપર્ટી ટેક્સ ભરવા છતાં સારા રસ્તા નથી મળતા. આવી ફરિયાદોનો મારો કેટલાક લોકો સતત કરતા હોય છે. જાગૃત નાગરિક તરીકે જ્યાં ખોટું થતું હોય ત્યાં અવાજ ઉઠાવવો જ જોઈએ, તેમાં કોઈ બેમત નથી પણ ક્યારેક એવો વિચાર પણ આવવો જોઈએ કે આપણે ખોટું કરનારના કાન આમળવા જઈએ છીએ પણ આપણે પોતે દેશને શું આપીએ છીએ? દેશભાવના ફક્ત દેશના સૈનિકોએ જ બતાવવાની છે, દેશ ચલાવનારે જ દેશભાવના દર્શાવતાં કામો કરવાનાં છે? સામાન્ય નાગરિક પણ તેમની રોજિંદી જિંદગીમાં દેશભાવના બતાવી શકે છે. તો ચાલો આપણે કેટલાક સુરતીઓને મળીએ અને જાણીએ કે તેઓ દેશભાવના વ્યક્ત કરવા કઈ નાની નાની જવાબદારી નિભાવી શકે છે, તેઓ દેશપ્રેમ વ્યક્ત કરવા રોજિંદા જીવનમાં શહેર કે લોકોપયોગી ક્યાં કામો કરીને દેશભાવના વ્યક્ત કરે છે.

## સૈનિકોનું સમ્માન કરવું જોઈએ, ટેક્સચોરી નહીં કરવી જોઈએ



### મંથન મહેતા

હનીપાર્ક રોડ વિસ્તારમાં રહેતાં 34 વર્ષીય મંથન મહેતા તેમના ભાઈના ટુર્સ એન્ડ ટ્રાવેલ્સના બિઝનેસમાં ટેકનોલોજીનો પાર્ટ સંભાળે છે અને અકાઉન્ટ વિભાગ સંભાળે છે. તેમણે જણાવ્યું કે, ‘‘તમે જોયું હશે કે પછી સમાચારોમાં વાંચ્યું હશે કે, રાષ્ટ્રીય તહેવારો બાદ ત્રિરંગા રોડ પર પડેલા દેખાતા હોય તેવું નહીં થવું જોઈએ. ત્રિરંગાનું સમ્માન કરવું જોઈએ. આપણા દેશના સૈનિકો 52 ડીગ્રી તાપમાનમાં ઊભા રહીને પણ આપણા દેશવાસીઓની રક્ષા કરે છે. -42 ડિગ્રીમાં પણ જઈને આપણી સુરક્ષાનું ધ્યાન રાખે છે. સૈનિકોનું સમ્માન કરીને પણ આપણે દેશભાવના બતાવી શકીએ છીએ. ટેક્સચોરી નહીં કરવી જોઈએ કે આવક છુપાવવી નહીં જોઈએ. આપણા ટેક્સના પૈસાનો ઉપયોગ પોલીસવ્યવસ્થા, ડિફેન્સવ્યવસ્થા માટે થતો હોય છે એટલે સરવાળે તો આપણને જ ફાયદો છે ને! કરપ્શનને સપોર્ટ નહીં કરીને પણ આપણે દેશભાવના બતાવી શકીએ છીએ. કોઈ જગ્યાએ કરપ્શન થતું હોય તો તેના વિરોધમાં અવાજ ઉઠાવવો જોઈએ. કરપ્શન છેવટે તો બ્લેક મનીમાં પરિવર્તિત થાય અને બ્લેક મની આપણા દેશ માટે ખતરો છે. માણસમાં દરેક લેવલ પર સિવિક સેન્સ હોવું જરૂરી છે. એમાં પણ રોડ પરનું સિવિક સેન્સ તેમનો પણ જીવ બચાવે છે અને રોડ પરથી પસાર થતાં લોકો અને અન્ય વાહનચાલકોનો પણ જીવ બચાવે છે. હું ટ્રાફિક્સના રુલ્સ એન્ડ રેગ્યુલેશન ફોલો કરું છું પણ જ્યારે બીજી કોઈ વ્યક્તિ ટ્રાફિકના નિયમો તોડે ત્યારે મારી આવી વ્યક્તિઓ સાથે બબાલ થઈ જતી હોય. સરકાર આપણને સારું ઈન્ફ્રાસ્ટ્રક્ચર આપે છે, સુવિધાઓ આપે છે પણ લોકો સરકારની સંપત્તિ એવા રોડ, બ્રિજ, ડિવાઈડર પર ગમે ત્યાં માવો થૂંકે અને ગંદકી ફેલાવતાં હોય છે. લોકો પોતાનું સમજીને સરકારી સંપત્તિ, જાહેર મિલકતોને સારી રીતે વાપરે આ પણ એક પ્રકારે દેશભક્તિ જ છે ને. કોલેજમાં હતા ત્યારે કોલેજની સીડી પાસે જ કચરો, અસ્વચ્છતા દેખાતી. મને અને મારા મિત્રોને થતું કે, આપણે ફીસ ભરીને આવીએ છીએ આપણને હાઇજેનિક વાતાવરણ તો જોઈએ જ ને! તે બાબતે પણ હું અને મારા સહઅધ્યાયી મિત્રો ખૂલીને આગળ આવ્યા હતા.’’



## જાહેર સ્થળોને સ્વચ્છ રાખીને અને પર્યાવરણનું રક્ષણ કરીને



### દિવ્યા ભાર્ગવ

વેસુ વિસ્તારમાં રહેતાં 25 વર્ષીય દિવ્યા ભાર્ગવ મેનેજમેન્ટ સર્ટિફિકેશનનો કોર્સ કરી રહ્યાં છે. તેમણે જણાવ્યું કે, ‘‘દેશ આપણને ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સુવિધા આપે છે. રોડ, રસ્તા, સરકારી સ્કૂલો, સરકારી હોસ્પિટલોની સુવિધા આપે છે. ત્યારે દેશના એક જાગૃત નાગરિક તરીકે આપણી પણ ફરજ છે કે ફૂલ નહીં તો ફૂલની પાંખડીની જેમ કાંઈક તો દેશ માટે કરવું જોઈએ. ટેક્સ પે કરવો જોઈએ. આ ટેક્સના પૈસાથી જ દેશના નાગરિકોને શિક્ષણ, હોસ્પિટલની સુવિધાઓ મળે છે. આપણા શહેરના જાહેર સ્થળોને સ્વચ્છ રાખવામાં અને શહેરના પર્યાવરણના જતન માટે આપણું નાનકડું યોગદાન આપીને પણ દેશપ્રત્યે પ્રેમ વ્યક્ત કરી શકાય. હેન્ડ ક્રાફ્ટેડ વસ્તુઓની ખરીદી કરીને આપણા સ્થાનિક કલાકારોને પ્રોત્સાહન આપીએ એ પણ એક પ્રકારે દેશભાવના જ છે. હું મારી પોતાની વાત કરું તો દર અઠવાડિયે એક વાર અહીં વેસુગામના સ્લમ એરિયાનાં બાળકોને ભણાવું છું, તેમની સાથે ગેમ રમું છું. આ બાળકોની હેલ્ધી કોમ્પિટિશન કરાવું અને તેમાં જે જીતે તેને ચોકલેટ, સ્ટેશનરી કીટ, કી-ચેન ઉપરાંત નાના નાના ટોયઝ પ્રાઇઝમાં આપું. આ પ્રાઇઝ મારા પર્સનલ લેવલ પર આપું છું. હું એક સંસ્થા સાથે જોડાઈ છું જેમાં અમે ભોજન કલેક્ટ કરીને સ્લમ પોકેટમાં જઈને ભોજન વહેંચીએ. જેમની તરફથી કોલ આવે ભોજન કલેક્ટ કરવા માટે ત્યાંથી 45 મિનિટમાં ભોજન કલેક્ટ કરીને ફ્રેશ ભોજન જરૂરિયાતમંદો સુધી પહોંચાડીએ. જે સંસ્થાઓ સ્વચ્છતા ડ્રાઈવનું આયોજન કરે તેમના અભિયાનમાં હું બેત્રણ વખત જોડાઈ છું અને ડુમસ કિનારે પાણીમાંથી પ્લાસ્ટિકનો કચરો હટાવવાનું કાર્ય હું કરું છું. હું જે બાળકોને ચોકલેટ કે નાસ્તો આપું છું તેનું પ્લાસ્ટિકનું રેપર કચરાપેટીમાં નાખવા અવેર કરું છું. ટ્રાફિકના રૂલ્સ હું પોતે પણ ફોલો કરું છું અને બીજાને ફોલો કરવા પણ સમજાવું છું.’’



## પ્રામાણિક બનો, આર્થિક સ્થિતિ નબળી હોવાને કારણે કોઈ ભણી ના શકતું હોય તેને મદદ કરો



### રંજના પટેલ

આનંદ મહેલ રોડ, અડાજણ વિસ્તારમાં રહેતાં 65 વર્ષીય રંજનાબેન રાષ્ટ્રપતિ એવોર્ડથી સમ્માનિત થયાં છે. તેઓ એક સરકારી સ્કૂલના પ્રિન્સિપાલ હતાં. તેમણે જણાવ્યું કે, ‘‘દેશનું નામ બગડે એવું કોઈ કૃત્ય નહીં કરવું જોઈએ. પ્રામાણિક બનીને રહો, એકબીજાને મદદરૂપ બનો આ પણ દેશભાવના છે. આર્થિક પરિસ્થિતિ નબળી હોવાને કારણે કોઈ ભણી નહીં શકતું હોય તો તેને એવો રસ્તો બતાવો કે જ્યાં તેની ફીની વ્યવસ્થા થઈ શકે, ફ્રીમાં એડમિશન થઈ શકે તેવી સગવડ કરાવી આપો. આપણા દેશના ભવ્ય વારસાનું જ્ઞાન બાળકોને આપો. દિવાળી વખતે શહેરભરમાં ફટાકડા ફૂટતા હોય છે ત્યારે એનો કચરો જ્યાંત્યાં થાય છે તો SMCના સફાઈ કર્મચારી આવીને સફાઈ તો કરતા હોય છે પણ આપણે પણ ભેગા થઈને આપણી સોસાયટી, શેરી બહારના રોડ પર પડેલો ફટાકડાનો કચરો ઉઠાવીને પણ શહેરને સ્વચ્છ રાખવામાં આપણું પણ નાનકડું યોગદાન આપીએ તો એ પણ દેશપ્રેમ જ છે ને! અમારી સોસાયટીના લોકો ભેગા થઈને રોડ પરનો આવો કચરો ઉઠાવીએ છીએ. હું મારા ગ્રુપ સાથે મળીને જેઓને ખાદ્યસામગ્રી, કપડાંની જરૂરિયાત હોય તેમને આ જરૂરી હોય તેવી વસ્તુઓની કીટ બનાવીને વિતરીત કરીએ છીએ. બીલીમોરામાં વરસાદી પાણી ભરાવાના કારણે જેઓને નુકસાન થયું છે તેવા એક ગામમાં અમે અસરગ્રસ્તોને રાહત સામગ્રીની કીટ રવિવારે આપી. રસ્તો ક્રોસ કરવા મથતી કોઈ પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિ કે કોઈ વૃદ્ધ વ્યક્તિને રસ્તો ઓળંગાવી આપો તે પણ દેશભાવના જ છે. દેશભાવના તમે રોજિંદા જીવનમાં શહેર માટે કે આપણા વિસ્તારનું સારું દેખાય તેવી જવાબદારીઓ ઉઠાવીને પણ વ્યક્ત કરી શકીએ છીએ.’’



## શિક્ષણ અને જ્ઞાન દ્વારા સમાજના વિકાસમાં યોગદાન આપીએ



### કિશોર પટેલ

સરસાણામાં રહેતાં 61 વર્ષીય કિશોરભાઈ પટેલ સેવાનિવૃત્ત શિક્ષક છે પરંતુ આજે પણ તેઓ શિક્ષણક્ષેત્રે સક્રિય છે. તેમણે જણાવ્યું કે, ‘‘મારા મતે દેશભક્તિ માત્ર દેશ પ્રેમના નારા લગાવવામાં નથી પરંતુ આપણા શહેર માટેની રોજિંદી નાની નાની જવાબદારીઓ ઇમાનદારીથી નિભાવવામાં છે. દેશ પ્રત્યે પ્રેમ માત્ર શબ્દોથી નહીં પરંતુ પોતાની ફરજો નિભાવવાથી અને સમાજ તથા દેશના વિકાસમાં યોગદાન આપવાથી વ્યક્ત થાય છે. તમે રસ્તા પર કચરો નહીં નાખો અને કચરાગાડીમાં જ કચરો નાખશો તો શહેર સ્વચ્છ દેખાશે. હું માનું છું કે એક શિક્ષણ અને જ્ઞાન દ્વારા સમાજના વિકાસમાં યોગદાન આપીને પણ દેશભાવના વ્યક્ત થઈ શકે. પાણી, વીજળી બચાવીને, વૃક્ષોને નુક્સાન નહીં પહોંચાડીએ પણ તેનું જતન કરીએ, જાહેર મિલ્કતનું રક્ષણ કરીએ આ પણ દેશપ્રેમ જ છે. હું શિક્ષક છું, મારી પાસે વિદ્યા છે તો હું ગરીબ બાળકોને નિ:શુલ્ક ભણાવી તેમની મદદ કરું છું. બાળકોને કચરાપેટીમાં જ કચરો નાખવા સમજાવું છું. આ રીતે હું સ્વચ્છતા માટે બાળકોને અત્યારથી જ અવેર કરું છું. જ્યારે જ્યારે ચૂંટણીઓ યોજાતી હોય તેમાં એક વોટ (મત) નું પણ ઘણું મહત્ત્વ હોય. આપણને એક સારા લોકપ્રતિનિધિ મળે તે માટે આપણે આપણો અમૂલ્ય વોટ આપવા જવું જોઈએ. મતદાન અને નાગરિક ફરજો પ્રત્યે જાગૃત બનીને પણ દેશસેવા થઈ શકે.’’



## દેશની પ્રગતિ માટે ઈમાનદારીથી કામ કરીને, નિયમિત ટેક્સ ભરીને આપણી ફરજ નિભાવવી જોઈએ




વેસુ વિસ્તારમાં રહેતાં 24 વર્ષીય વિહાર શાહ કન્સ્ટ્રક્શનકંપનીના ઓનર છે. તેમણે જણાવ્યું કે, ‘‘દેશ આપણા નાગરિકો માટે ઘણું કરે છે. દેશના લોકોની પ્રાથમિક જરૂરિયાતો પૂરી પાડે છે, તેમની રક્ષા કરે છે. તો આપણી પણ ફરજ છે કે આપણે આપણા સુરત શહેર પ્રત્યેની નાની નાની જવાબદારીઓ ઉઠાવી દેશભાવના વ્યક્ત કરીએ. દેશની પ્રગતિ માટે ઈમાનદારીથી કામ કરીને, સૈનિકો અને તેમના પરિવાર પ્રત્યે આદર વ્યક્ત કરીને તથા ભારતીય સંસ્કૃતિ, ભાષા અને પરંપરાનું જતન કરીને પણ દેશભાવના વ્યક્ત કરી શકાય છે. હું બિઝનેસમાં છું તો અમે ઇન્કમટેક્સ અને GST નિયમિત રીતે ફાઈલ કરીએ છીએ. હું Gen - Z છું અને બધાં જ જાણે છે કે, આ પ્રજાનું સોશ્યલ મીડિયા પાવરફુલ છે. અમે સોશ્યલ મીડિયાના માધ્યમથી સાચી બાબતો માટે અવાજ ઉઠાવીએ છીએ. હું અને સુરતના કેટલાક યુવાનો સુરતમાં ઐતિહાસિક ભવ્ય વારસો ધરાવતી જગ્યાઓ જે ઘણાં લોકોને ખબર નથી તેને અમે સોશ્યલ મીડિયાના માધ્યમથી પ્રમોટ કરીએ છીએ. જેથી સુરતના કલ્ચર, હેરિટેજ વિશે લોકોને જાણ થાય અને તેના જતન માટે લોકોને અવેર કરીએ છીએ. આપણને દેશ ઘણું આપે છે તો યુવા નાગરિકોએ પણ દેશને કાંઈક આપવું જોઈએ એને માટે હું સોશ્યલ વર્ક કરું છું. હું અને મારા સાથીઓ સાથે મળીને સ્વચ્છતા ડ્રાઈવ કરીએ છીએ. કેન્સર પીડિત દર્દીઓને NGO સાથે કનેક્ટ કરાવી તેમની ટ્રીટમેન્ટ સસ્તી કરાવું છું. SMC સુરત શહેરને ક્લીન સિટી રાખવા સારી કામગીરી કરી રહી છે તો આપણે પણ કચરો ગમે ત્યાં નહીં ફેંકવો જોઈએ. જો તમારી પાસે કાર છે તો તેમાં ડસ્ટબીન રાખી તેમાં જ કચરો નાખવો જોઈએ. કરપ્શન જ્યાં થતું હોય ત્યાં જાગૃત નાગરિકો અવાજ ઉઠાવીને પણ પોતાની દેશ પ્રત્યેની ફરજો નિભાવી શકે છે.’’



### વિહાર શાહ

## પાણીનો બગાડ અટકાવીને, કચરો કચરાગાડીમાં નાખીને, પ્લાસ્ટિકનો ઓછામાં ઓછો ઉપયોગ કરીને:

અલથાણ વિસ્તારમાં રહેતાં 52 વર્ષીય કામિનીબેન દલવાડી હાઉસ વાઇફ છે. તેમણે જણાવ્યું કે, ‘‘એવા પણ લોકો હોય છે જે રસ્તા, પાણી વગેરે માટે સરકારને જ જવાબદાર ઠેરવે છે. તેમને સરકાર પાસેથી ઘણું જોઈતું હોય પણ સામે કાંઈ નથી આપવું. રસ્તા પર માવો ખાઈને થૂંકતા લોકો શહેરની જાહેર મિલકત એવા રોડ રસ્તા પર ગંદકી ફેલાવે છે. આપણે વિદેશ જઈએ તો ત્યાંના ચોખ્ખાચણાક રસ્તા જોઈને આપણા દેશમાં પણ આવા રસ્તા હોવા જોઈએ તેવું માનીએ પણ પોતે કચરો ગમે ત્યાં ઠાલવશે. દેશભાવના બતાવવા માટેના અનેક રસ્તા સામાન્ય નાગરિકો માટે પણ છે જ. તમે ભીનો અને સૂકો કચરો અલગ અલગ ડસ્ટબિનમાં નાખો તો શહેરમાં સ્વચ્છતા જળવાઈ રહેશે. પાણીનો બગાડ અટકાવીને પણ તમે શહેર પ્રત્યે એક સારા નાગરિક તરીકેની ફરજો નિભાવી શકો છો. આજે પ્લાસ્ટિક બહુ મોટું દૂષણ બની રહ્યું છે તો બને ત્યાં પ્લાસ્ટિકનો ઉપયોગ ઓછો કરવો જોઈએ. શાકભાજી લેવાં જઈએ ત્યારે શાકવાળા પાસે પ્લાસ્ટિકની થેલી માંગવા કરતાં ઘરેથી કપડાંની થેલી લઈ જવી જોઈએ. અમે તો પોલ્યુશન કંટ્રોલ માટે ઘરમાં ઇલેક્ટ્રિક ટુ વ્હીલર અને ફોર વ્હીલર વસાવ્યું છે જેથી ગાડી પેટ્રોલનો ધુમાડો ઓકે નહીં. આર્મીના જવાનોને રિસ્પેક્ટ આપીને, જરૂરિયાતમંદોને મદદ કરીને પણ દેશપ્રેમ બતાવી શકાય. Smc આપણને સુવિધાઓ આપે છે તો સામે આપણે પણ સુરતની જાહેર મિલકતોને નુક્સાન થાય એવું નહીં કરવું જોઈએ.’’





### કામિની દલવાડી

આ 15 ઓગસ્ટે આપણને આઝાદી મળ્યાંને 79 વર્ષ પૂર્ણ થશે. આપણા સ્વાતંત્ર્યવીરો દેશપ્રેમ માટે અંગ્રેજો સામે લડ્યા અને દેશને ગુલામીની જંજીરમાંથી મુક્તિ અપાવી. એ દેશભાવના આજે ક્યાં દેખાય છે? માત્ર 79 વર્ષમાં દેશમાં ભ્રષ્ટાચાર વધ્યો, અપ્રામાણિકતા વધી, લોકોમાં મદદની ભાવના ઘટી, ઘણાંયે લોકો રુલ્સ એન્ડ રેગ્યુલેશન તોડવામાં અચકાતા નથી. આ સ્થિતિમાં દેશપ્રેમ ક્યાં દેખાય છે? ઘણાં લોકોને તો એ પણ નથી ખબર કે દેશભાવના એટલે શું અને તે કેવી રીતે નિભાવી શકાય. તો કેટલાક લોકો પોતે જે કાર્ય કરતા હોય તેના ગુણગાન કરે છે પણ દેશભક્તિ કઇ રીતે વ્યકત થઇ શકે તેના વિશે ઝાઝી સમજ ધરાવતા નથી. આજકાલ યંગસ્ટર્સ કેટલીક બાબતોને લઇને આંદોલન કરે છે પણ તેમાં સંયમ નથી જાળવતા. તેમના આંદોલનમાં અસમાજિક તત્ત્વો પણ ઘૂસીને આપણા દેશની પ્રોપર્ટીને તોડફોડ કરીને નુકસાન પહોંચાડે તેવું કૃત્ય કરતા હોય છે. જેને કારણે દેશની પ્રોપર્ટીને તો નુકસાન થાય જ છે સાથે પબ્લિકને ગેરફાયદો થાય છે, કેમ કે આ પ્રોપર્ટી તેમની સુવિધા માટે જ હોય છે. દેશપ્રેમ બતાવવો જ હોય તો આવું નહિ કરવું જોઇએ તેટલી સમજ કેળવવી જોઈએ.